# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૨-B તા.૧૫-૦૯-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નિપુણ ભારત અભિયાન અંતર્ગત FLN ની કામગીરી કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, નિપુણ ભારત અભિયાન અંતર્ગત ગત વર્ષે ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ હસ્તકની શાળાઓમાં સરાહનીય કામગીરી કરવામાં આવેલ હતી જેના માટે સૌ સારસ્વત મિત્રોને અભિનંદન.

ચાલુ શૈક્ષણિક સત્રમાં જૂન માસથી તમારી શાળામાં FLN ની સુંદર કામગીરી કરવામાં આવી રહી છે. સાથે સાથે શાળા સમય દરમ્યાન સુચારૂ આયોજન કરી શાળાના તમામ વિદ્યાર્થીઓ નિપુણ ભારત અભિયાન અંતર્ગત વાચન, લેખન અને ગણનના પાયાના લક્ષ્યાંકો પ્રાપ્ત કરે તે મુજબનું આયોજન કરીએ અને ઘનિષ્ઠ વાલીસંપર્ક દ્વારા વિદ્યાર્થીઓની નિયમિતતા પર ભાર મુકી હાજરી વધારવા પ્રયત્ન કરીએ અને ગુણવત્તાની સાથે સાથે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત સર્વાંગીણ વિકાસ થાય તે માટેનો પ્રયત્ન કરીએ.

તા.૧૫-૦૯-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી